એસ્ટેટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર
તા.૩૧/૦૧/૨૦૨૫.

**–:: પ્રેસ નોટ ::–**

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા વર્ષ-૨૦૨૫ માં શેરડીનાં સિંચોડા હેતુ કામચલાઉ હંગામી ધોરણે જગ્યા વપરાશની મંજુરી અંગે સ્થળો નક્કી કરવામાં આવેલ છે. આ સ્થળોએ જગ્યા વપરાશ અંગે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે અને કોઈપણ સ્થળ માટે એક કરતા વધુ અરજદારો દ્વારા અરજી મળ્યેથી તે સ્થળની ફાળવણી ડ્રો દ્વારા નક્કી કરવામાં આવશે. શેરડીના સિંચોડા ફોર્મ,સ્થળનું લીસ્ટ, માપ સાઈઝ તથા લાયસન્સ ફી શરતો વિગેરે માહિતી એસ્ટેટ વિભાગ ખાતે મહાનગરપાલિકા ભાવનગરના નોટીસ બોર્ડ તેમજ ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.bmcgujarat.com પર ઉપલબ્ધ છે જ્યાંથી તે ડાઉનલોડ કરી શકાશે.આ અંગે રસ ધરાવતા આસામીઓએ તા.૦૧/૦૨/૨૦૨૫ થી તા.૦૭/૦૨/૨૦૨૫ દરમિયાન નિયત નમૂનામાં ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ ખાતે અરજી કરવાની રહેશે. તેમજ શહેરમાં મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા વગર નાખવામાં આવેલ તમામ સિંચોડા જપ્ત કરવામાં આવશે. જેની સંબંધિતોને નોંધ લેવા વિનંતી છે.

એસ્ટેટ ઓફિસર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર.

---

**પ્રતિ**
**માન. તંત્રી મહોદયશ્રી**
---------------------------------
---------------------------------

**સવિનય ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનીક વર્તમાન પત્રમાં લોકહિતાર્થે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા નમ્ર વિનંતી છે.**

પી.આર.ઓ.
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર